RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 78 * Date: 09.1.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# યમનમાં ગૃહ યુદ્ધઃ સાઉદી-UAEના ઘર્ષણ વચ્ચે ૪૦૦ પર્યટક ફસાયા, ભારતીય મહિલાનું રેસ્ક્યૂ



યમનમાં સાઉદી અરેબિયા સમર્થિત સરકાર અને યુએઈ સમર્થિત અલગતાવાદી જૂથો વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષના કારણે સ્થિતિ ભયજનક બની છે. સામે સામે હુમલા અને હિંસાઓ થતા અનેક પ્રયટકો ત્યાં ફસાયા છે. આ હિંસા વચ્ચે યમનના સોકોત્રા ટાપુ પર છેલ્લા કેટલાક અઠવાડિયાથી ફસાયેલી ભારતીય નાગરિક રાખી કિશન ગોપાલને ભારત સરકાર દ્વારા સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવી છે.યમન સ્થિત ભારતીય મિશનના જણાવ્યા અનુસાર, રાખી કિશન ગોપાલને સાતમી જાન્યુઆરીના રોજ એક વિશેષ યમેનિયા ફ્લાઈટ દ્વારા જેદ્દા મોકલવામાં આવી છે. જેદ્દામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓએ રાખીને રિસીવ કરી હતી અને જરૂરી કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ તેમને ભારત મોકલી દેવાઈ છે. ભારતીય મિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ સફળ ઓપરેશનની વિગતો શેર કરી છે.

આ રેસ્ક્યૂ એવા સમયે કરવામાં આવ્યું છે જયારે યમનમાં સાઉદી અરેબિયા સમર્થિત દળો અને સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (જીઝ્ર) વચ્ચે સત્તા માટે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. હદ્રમૌત અને અલ-મહરા પ્રાંતોમાં સૈન્ય મથકો પર કબજો જમાવવા માટે ચાલી રહેલા યુદ્ધને કારણે અનેક વિસ્તારોમાં હવાઈ સેવાઓ ખોરવાઈ ગઈ છે. જોકે, હાલના અહેવાલો મુજબ એસટીસી દળોએ કેટલાક વિસ્તારોમાંથી પાછા હટવાનું શરૂ કર્યું છે.

યમનની મુખ્ય ભૂમિ પર ચાલી રહેલા સંઘર્ષના પગલે સોકોત્રા ટાપુ પર હજુ પણ અંદાજે ૪૦૦ જેટલા વિદેશી પ્રવાસીઓ ફસાયેલા હોવાનું જાણવા મળે છે. વિમાની સેવાઓ સ્થગિત થવાના કારણે આ પ્રવાસીઓ ત્યાંથી નીકળી શક્યા નથી. એક તરફ યમન સરકાર સાઉદી અરેબિયાની મદદથી અંકુશ મેળવવા પ્રયાસો કરી રહી છે, તો બીજી તરફ એસટીસીએ દક્ષિણ યમનને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવાની ચેતવણી આપી છે.

# સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વચ્ચે મહિલાએ જજોને 'મિલોર્ડ' ની જગ્યાએ 'ગાઈઝ' કહ્યા, પછી જોવા જેવી થઈ!

સુપ્રીમ કોર્ટમાં બુધવારે રખડતા કૂતરા (જીંઙ્ઘિઅ ર્ઙ્ઘખ્તજ)ના ગંભીર મુદ્દા પર સુનાવણી દરમિયાન એક રસપ્રદ ઘટના ઘટી હતી. જસ્ટિસ વિક્રમ નાથની અધ્યક્ષતા વાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ પ્રાણી પ્રેમીઓ, પીડિતો અને નિષ્ણાતો પોતાના મંતવ્યો રજૂ કરી રહ્યા હતા. આ દરમિયાન એક મહિલાએ અજાણતામાં કોર્ટના કડક પ્રોટોકોલ તોડી નાખ્યો, જેના પર જજોએ ખૂબ જ ઉદાર પ્રતિક્રિયા આપી. સુનાવણી દરમિયાન એક મહિલાએ જજોના હસ્તક્ષેપ અને આ મુદ્દા પર ધ્યાન આપવા બદલ બેન્ચનો આભાર માન્યો. પોતાની વાત કહેતા તેમણે બેન્ચને 'યુ ગાઈઝ' કહીને સંબોધિત કરી દીધાઅદાલતની ગરિમા અને સ્થાપિત પ્રોટોકોલ પ્રમાણે જજોને 'મિલોર્ડ', 'યોર લોર્ડશિપ' અથવા 'યોર ઓનર' કહીને સંબોધિત કરવામાં આવે છે. મહિલાના મોઢેથી 'ર્ફ્ર ય્અજ' સાંભળતા જ ત્યાં હાજર વકીલ હેરાન રહી ગયા. મહિલાના આ સંબોધન પર કેટલાક વકીલોએ તરત જ તેમને અટકાવ્યા અને જણાવ્યું કે કોર્ટરૂમમાં બોલવા માટે એક વિશેષ પ્રોટોકોલ હોય છે અને જજોને આ રીતે સંબોધિત ન કરી શકાય. પોતાની ભૂલનો અહેસાસ થતાં જ મહિલાએ તરત માફી માંગી અને કહ્યું કે, મને આ નિયમની જાણકારી નહોતી. જોકે જસ્ટિસ વિક્રમ નાથે સ્થિતિને ખૂબ જ સહજતાથી સંભાળી. તેમણે મહિલાને આશ્વાસન આપતા કહ્યું કે, 'કંઈ વાંધો નહીં, ઠીક છે' અને કોઈપણ ઔપચારિકતા વિના કાર્યવાહી આગળ ધપાવી.સુપ્રીમ કોર્ટમાં મોટાભાગે પ્રોટોકોલને લઈને સખ્તી જોવા મળે છે, પરંતુ જસ્ટિસ વિક્રમ નાથના આ વર્તનની પ્રશંસા થઈ રહી છે.



# અમદાવાદઃ સાણંદ પોલીસે ૩૬,૫૦૦ રૂપિયાની પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જપ્ત કરી, કિશોરની અટકાયત

ઉત્તરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, નામદાર કોર્ટનો આદેશ હોવા છતાં પણ ચાઈનીઝ દોરીનું મોટાપાયે ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે, તેના પર ગાળિયો કસવા ચાઈનીઝ દોરી વેચનારા અને વાપરનારા પર તંત્ર કડક હાથે કામ લઈ રહ્યું છે. ત્યારે સાણંદ પોલીસ હવે સફાળી જાગી છે, વાહનમાં છુપાયેલા પ્રતિબંધિત ચાઇનીઝ પતંગની દોરીના ૬૫ રીલ જપ્ત કરી એક કિશોરની ધરપકડ કરી છે. સાણંદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હ્લૈંઇ (ફસ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) મુજબ, નિયમિત પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી, જે આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં સાણંદ પધારા સોસાયટી નજીક એક હ્યુન્ડાઇ કારને અટકાવામાં આવી હતી, જેના ચેકિંગ દરમિયાન છુપાવેલા પ્રતિબંધિત ચાઇનીઝ પતંગની દોરીના ૬૫ રીલ મળી આવ્યા હતા. સ્થળ પર જ સાણંદના રહેવાસી ૧૯ વર્ષના એક કિશોરની ધરપકડ કરવામાં આવી હતી. જેની પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આ માલ સાણંદ તાલુકાના મોડાસર ગામના રહેવાસી મિત્રસિંહ ચાવડા પાસેથી મંગાવવામાં આવ્યો હતો, જે ઘટનાસ્થળે હાજર નહોતો અને હાલમાં ફરાર છે.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલા સામાનમાં મોનો સ્કાય બ્રાન્ડના ૪૫ રીલ, જેની કિંમત રૂ. ૨૨,૫૦૦ છે અને વેલિન મોનો બ્રાન્ડના ૨૦ રીલ, જેની કિંમત રૂ. ૧૪,૦૦૦ છે, કુલ રૂ. ૩૬,૫૦૦નો માલસામાન મળી આવ્યો હતો, જેની હેરફેરમાં ઉપયોગમાં લેવાયેલી કારની પણ જપ્તી કરવામાં આવી હતી. જે મળી કુલ ૫.૩૬ લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા (મ્દ્ગજી) ની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમજ સપ્લાયરને શોધવા અને પ્રતિબંધિત સામગ્રી ક્યાંથી આવે છે તેની સપ્લાઈ ચેન પકડવા પોલીસે કવાયત તેજ કરી છે. મહત્વનું છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો છે. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો છે કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.

જે અનુસંધાને હાલ ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ચાઈનીઝ દોરી અને ઉત્તરાયણમાં પ્રતિબંધ વસ્તુઓ પર લગામ કસવા મોટા પાયે ડ્રાઈવ તેમજ દરોડા કરી રહી છે. આ સાથે પોલીસ અપીલ પણ કરી રહી છે કે ચાઈનીઝ દોરી માણસ, પક્ષીઓ અને પ્રાણીઓ માટે જોખમી છે લોકો તેનું વેચાણ અને ખરીદી ટાળે.

# વેનેઝુએલાના ઓઈલ પર અનિશ્ચિતકાળ સુધી અમેરિકાનો કંટ્રોલ! કમાણી માટે ટ્રમ્પે બનાવ્યો પ્લાન

ટ્રમ્પ સરકારે વેનેઝુએલાના સૌથી મૂલ્યવાન સંસાધના ઓઈલ પર નિયંત્રણ મેળવવા માટે એક મોટી અને સ્પષ્ટ રણનીતિની જાહેરાત કરી છે. અમેરિકાના ઉર્જા સચિવ ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે, અમેરિકા હવે વેનેઝુએલાના ઓઈલના ભવિષ્યના તમામ વેચાણને નિયંત્રિત કરશે અને તેમાંથી થતી આવકનો હિસાબ પણ અમેરિકા જ રાખશે. આ યોજના એવા સમયે આવી છે જયારે ટ્રમ્પ સરકાર અમેરિકાની ઉર્જા કંપનીઓને વેનેઝુએલાના નષ્ટ થઈ રહેલા ઓઈલના માળખાને




પુનઃજીવત કરવા અને તેના ઘટતા ઉત્પાદનને પુનર્જીવિત કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે.

મિયામીમાં એક કોન્ફરન્સને સંબોધતા ઉર્જા સચિવ ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે શરૂઆતમાં, વેનેઝુએલાના સ્ટોરેજમાં રાખવામાં આવેલ ક્રૂડ ઓઈલનું વેચાણ કરવામાં આવશે. આ સ્ટોરેજ અમેરિકાના પ્રતિબંધોને કારણે વેચી શકાયું નહોતું. અમે ફક્ત તે ક્રૂડને ફરીથી ગતિમાં લાવીશું અને તેને વેચીશું. અમે વેનેઝુએલામાંથી આવતા ક્રૂડનું માર્કેટિંગ કરીશું - પહેલા આ સ્ટોર કરેલું ઓઈલ અને પછી અનિશ્ચિત સમય સુધી અમે વેનેઝુએલામાંથી આવતા ઉત્પાદનનું વેચાણ કરીશું.×

આ પહેલા, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે સાંજે કહ્યું હતું કે વેનેઝુએલા અમેરિકાને વેચવા માટે ૫૦ મિલિયન બેરલ જેટલું ઓઈલ સોંપશે, જેની કિંમત વર્તમાન બજાર ભાવે લગભગ ઈ૨.૮ બિલિયન છે.

## તંત્રી સ્થાનેથી..

# ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેવાનો અંદાજ

નવી દિલ્હી : ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાના દરથી વધવાનો અંદાજ છે એટલે કે ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેવાની આશા છે. અમેરિકાના ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રનું સ્ટેટ્સ જાળવી રાખશે. સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા જારી ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કે એપ્રિલ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન જીડીપી ૭.૪ ટકા રહેશે. આ અંદાજ આરબીઆઈના ૭.૩ ટકાના અંદાજ અને સરકારના અગાઉના ૬.૩ થી ૬.૮ ટકાના અંદાજ કરતા વધારે છે. ઉલ્લેખનીય છે કે ગત નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ૬.૫ ટકા રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારતીય વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ, વેપાર તંગદિલી વધવા અને મહત્ત્વપૂર્ણ નિકાસ સેક્ટરોમાં અવરોધનો ખતરો જેવા પડકારો છતાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાનાં દરે વિકાસ કરી રહ્યું છે તે એક મહત્ત્વપૂર્ણ બાબત છે.

સરકારે જીએસટીના દરોમાં ઘટાડો કરતા અનેક વસ્તુઓ પરના ટેક્સમાં ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને ઈન્ટેરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ જણાવ્યું હતું કે અમેરિકા-ભારત વેપાર સમજૂતીમાં થઈ રહેલા વિલંબને કારણે ભારતનો જીડીપી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૬ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૬.૨ ટકા રહેવાનો અંદાજ છે. ચાલુ નાણાકીય વર્ષમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૭ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૪.૫ ટકા હતી. સર્વિસ સેક્ટરમાં ૯.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૭.૨ ટકા હતી.ચાલુ નાણાકીય વર્ષમાં કૃષિ સેક્ટરમાં ૩.૧ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. જે ૨૦૨૪-૨૫માં ૪.૬ ટકા હતી. ઉલ્લેખનીય છે કે ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટનો ઉપયોગ કેન્દ્રીય બજેટ તૈયાર કરવામાં થાય છે. કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

# સાબરમતી જેલના હાઈ સિક્યોરિટી સેલમાં મોબાઈલ મળતા ખળભળાટ, છતમાં છુપાવી રાખેલી વસ્તુ જપ્ત



અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ(જૂની) જેલમાં ફરી એકવાર આરોપી પાસેથી મોબાઈલ સહિતની વસ્તુ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. અહીં જેલર અને તેમની સ્પેશિયલ સ્ક્વોડ દ્વારા સૌથી હાઈ સિક્યોરિટી સેલમાં અચાનક તપાસ કરવામાં આવી હતી, જેમાં પાકા કામના કેદીએ છતમાં બાખું પાડીને સિમેન્ટની શીટની અંદર છુપાવેલો મોબાઈલ, સિમકાર્ડ અને ચાર્જર સહિતની વસ્તુ મળી આવી હતી. મહત્ત્વનું છે કે, કેદી પાસે આ વસ્તુ કેવી રીતે આવી અને કોને આપી તે અંગે રાણીપ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, ગત ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઈન્ચાર્જ જેલર મોહસીન ખાન પઠાણ જુની જેલમાં તેમની સ્પેશિયલ સ્ક્વોડની ટીમ દ્વારા હાઈ સિક્યોરિટી સેલમાં રુટિન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સેલ નંબર ૧મા ૪૩ વર્ષીય કેદી વિશાલ ગોસ્વામીની હિલચાલ જોતા ટીમને શંકા થઈ હતી. આ પછી સેલમાં વધુ તપાસ કરતી વખતે છતમાં સિમેન્ટની શીટનો તૂટેલો ભાગ જોવા મળ્યો હતો. જેને લીધે જેલર દ્વારા સેલને સીલ કરી દેવામાં આવ્યો હતો. બીજા દિવસે એટલે કે, ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સ્પેશિયલ સ્ક્વોડ ટીમ સીડી લઈને ફરીથી સર્ચ માટે પહોંચી હતી. સ્ક્વોડના જવાન દ્વારા છતના તૂટેલા ભાગમાં એક બાખામાં હાથ નાખતાં તેમાંથી લાકડી સાથે બાંધેલો એક પ્લાસ્ટિકનો ડબ્બો મળ્યો હતો. આ ડબ્બાને ખોલતા તેમાંથી એક આઈફોન, ચાર્જિંગ કેબલ, સીમકાર્ડ અને મેમરી કાર્ડ સાથે એક કીપેડ ફોન સહિત એક ચાર્જર મળી આવ્યું હતું. આ ઉપરાંત સેલના લાકડાના પાટીયાની તિરાડમાંથી અન્ય એક તૂટેલું સીમકાર્ડ પણ જપ્ત કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, આ મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં વિશાલ ગોસ્વામી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેલમાં હાઈ સિક્યુરિટી ઝોનમાં મોબાઈલ, સીમકાર્ડ અને ચાર્જર સહિતની વસ્તુ કોની મદદથી પહોંચી, આમાં કોઈ જેલકર્મી કે બહારની વ્યક્તિની સંડોવણી છે કે નહીં. આ ઉપરાંત કેદીએ જેલમાંથી કોઈ ખંડણી કે અન્ય ગુનાહિત નેટવર્ક ચલાવ્યું છે કે નહીં તે અંગે પણ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે.અગાઉ અતિક અહમદે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી બેઠા બેઠા હત્યા કરાવી હતી. આ ઉપરાંત જેલમાંથી ગાંજો ઝડપાયો છે. જેલમાં આતંકીની પણ અન્ય કેદીઓએ આંખ ફોડી નાખી હતી. જેલમાંથી અનેક વખત મોબાઈલ ફોન મળી આવ્યા છે. આમ જેલ અનેક વિવાદમાં આવી ચૂકી છે ત્યારે કુખ્યાત ગુનેગાર પાસેથી ૨ મોબાઈલ ફોન મળી આવતા વધુ વિવાદ થયા છે.

# નેનાવા ચેક પોસ્ટ પરથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ પકડી પાડતી ધાનેરા પોલીસ

આયશર ટ્રક રજી નં. ॅ.૧૦ ઈૐ ૬જીજીજી નો ચાલક મનદિપસિંઘ સુખદેવસિંઘ જાતે.જાર ઉ.વ.૪૫ પંધો. ડ્રાઈવિંગ રહે.ઉમેદપુર તા. સાહનેવાલ જી.લુધિયાણા (પંજાબ) મો.નં.૮૪૩૭૨૨૮૮૪૦ વાળા તથા ખલાશી રણજોતસિધ બલવીરસિંઘ જાતે. રવિદાસ ઉ.વ.૩૦ ધંધો,મંજુરી હાલરહે મુડિયાકલા તા.જી.લુધિયાના મુળરહે. રહે. ઉમેદપુર તા.સાહનેવાલ જી.લુધિયાણા (પંજાબ)વાળાઓએ ગે.કા અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ. ૨૯૮૮ જેની કિં.રૂ ૧૩.૫૫.૯૮૯/- નો પ્રોહી મુદામાલ તથા ટ્રકની કિ.રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા ટાચરના પેકેટ નંગ- ૧૯૯ કિ.રૂ. ૧૨,૩૮,૨૪૦/- તથા ધ જન્તા ટ્રાન્સપોર્ટ કો.પો. નામની બીલ્ટીના કાગળો કિ.રૂ. ૦૦/૦૦ તથા મોબાઈલ ફોન નંગ ૦૨ કિ.રૂ.૧૦૦૦૦/-એમ કુલ કિ.રૂ. ૩૮,૦૪,૨૨૯/- નો મુદામાલ પકડી પાડતી ધાનેરા પોલીસ



# મહેસાણામાં વૃદ્ધના ગળામાંથી ચેઈનસ્નેચિંગ

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉભા કરતી એક લૂંટની ઘટના સામે આવી છે. માનવ આશ્રમ રોડ પર આવેલી ગૌરવ ટાઉનશીપમાં રહેતા એક ૫૪ વર્ષીય વૃદ્ધા સાંજના સમયે મંદિરથી દર્શન કરી પરત ફરી રહ્યા હતા, ત્યારે બાઇક પર આવેલા બે અજાણ્યા શખ્સો તેમના ગળામાંથી સોનાનું મંગળસૂત્ર તોડીને રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.મહેસાણાના માનવ આશ્રમ રોડ પર ગૌરવ ટાઉનશીપમાં રહેતા હીનાબેન જોષી ગત ૬ તારીખે સાંજના સમયે પોતાની સોસાયટી નજીક આવેલા રામેશ્વર મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને તેઓ હીના ટાઉનશીપથી ગૌરવ ટાઉનશીપ તરફ પગપાળા પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ગૌરવ ટાઉનશીપ પાસે જ એક બાઈક પર બે અજાણ્યા યુવકો તેમની નજીક આવ્યા હતા. વૃદ્ધા કંઈ સમજે તે પહેલા જ બાઈક સવાર તસ્કરોએ તેમના ગળામાં પહેરેલું આશરે દોઢ તોલાનું સોનાનું મંગળસૂત્ર ઝૂંટવી લીધું હતું.અચાનક થયેલા આ લૂંટ થી ગભરાયેલા હીનાબેને બૂમાબૂમ કરી મૂકી હતી.

# બાપુએ કોને દૂરભાષ કર્યો?

' ટ્રીન ૫ ટ્રીનપ,' ફોન રણકતો રહ્યો. અડધી રાત્રે કોનો દિવસ ફર્યો હશે? મધરાતે ફોન કરે તો કોણ ઉઠાવે? વોચમેનને ઓન ડયુટી એટલે રાત્રે સૂવાનું હોય કે નહીં? હવે તો કોર્ટે પણ ફરજ દરમિયાન ઉંઘવાની છૂટ આપી છે.થોડી વાર થઈ કેપ.

ટ્રીનપ ટ્રીન ..' ફોન રણક્યો .

' કોન બોલ રહાં હૈ. ઈતની રાત કો કયું પરેશાન કર રહે હો?' રામરતન નેપાળીએ ફોન ઊંચકીને સામેવાળાને તતડાવ્યો.

'મહેરબાની કરીને દૂરભાષ કાપશો નહીં. હું કયારનો દૂરભાષ લગાડું છું. દૂરભાષ સતત વસ્ત હોય છે. મહામહેનતે દૂરભાષ જોડાયો છે. ત્યાં રાતના બાર થયા છે? અહીં મધ્યાહ્ન થયો છે. મને સમયની માહિતી ન હતી. તમને તકલીફ થઈ હોય તો અંતકરણથી ક્ષમા માંગું છું. તમને પડેલ તકલીફ માટે અંતકરણથી શુધ્ધિ માટે હું ચોવીસ કલાકનું મૌન વ્રત રાખીશ અને એકાદ ઉપવાસ ખેંચી લઈશ' ફોનના સામા છેડાથી વિનમ્રતાથી રહેવાયું . રામરતન આશ્રર્યચકિત રહી ગયો. ખોટા સમયે ફોન કરવાની શુધ્ધ બુધ્ધિપૂર્વકની ભૂલનું પણ આટલું મોટું પ્રાયશ્ચિત ?
' આપ કૌન બોલ રહે હૈ? કિસસે બાત કરના ચાહતે હો?' કામરતને તમાકુ મસળી તમાકુ મોંમાં મુક્તા પૂછયું.

' મારે નરેન્દ્ર સાથે વાત કરવી છે?' સામેના છેડેથી પ્રત્યુત્તર અપાયો. રામરતનના સવાલનો અડધો જ જવાબ મળ્યો.

' લેકિન આપ કૌન બોલ રહે હો?' રામરતને પૂછયું.

' હુ મોહન બોલું છું.' સામેના છેડાએ પરિચય આપ્યો.

' કૌન મોહન? એમપી કે મુખ્યમંત્રીજી? આપ પીએમ કો ઈસ તરહ કૈસે બોલ શકતે હો?' રામરતને ખુલાસો પૂછયો.

' હું મોહનચંદ કરમચંદ ગાંધી બોલું છું.' બાપુએ પૂરો પરિચય આપ્યો.

' તો ઐસા કહેના ચાહિયેને. આપ મહાત્મા યા બાપુ બોલ રહા હૂં ઐસા કહેતે તો હી હમારે દિમાગ કી બતી જલતી. બાપુ આપકો હમારા પ્રણામ.' રામરતન ભાવવિભોર થઈ ગયો.

'ધન્યવાદ.મારે નરેન્દ્ર સાથે વાત કરવી છે.' બાપુએ ફોન કરવીનો ઉદેશ જણાવ્યો.

' સાબ તો સો ગયે હૈ.આપ કહે તો જગાઉ. લેકિન મેરી નોકરી જાને કા ખતરા રહેંગા.ફિર ભી સાહેબ કો લાઈન દેતા હૂં' એમ કહીને ગુરખાએ લાઈન જોડી આપી.

' પૂજય બાપુ ,આટલી મોડી રામે તમે મને યાદ કર્યો.' સાહેબ બાપુને પ્રણામ કરીને વાત શરૂ કરી.

' મે તમને અભિનંદન આપવા ફોન કરેલ.' બાપુએ સાહેબનું અભિવાદન અને અભિનંદન કર્યા.

' બાપુ, આપ મને લજ્જિત કરી રહ્યા છો. મેં એવું શું કર્યું કે આપે મને અભિનંદન આપવા ફોન કરવો પડ્યો ?' સાહેબ મુત્રઝવણને વાચા આપી.
' નરેન્દ્ર તમે જે કર્યું છે તે કોઈએ કર્યું નથી.મેં કદી પ્રસિધ્ધિની ખેવના કરી નથી. તેમ છતાં પ્રસિદ્ધિ મારી પાછળ બકરીનું દૂધ પીને પાછળ પડી છે. આ દુનિયામાં કોઈ મને ઓળખતું ન હતું. પરંતુ એક અંગ્રેજે મારા પર ફિલ્મ બનાવી એટલે મને જગત ઓળખતું થયું એવું કાંઈક તમે કહ્યું હતું. દુનિયામાં તમે એક એવા નેતા છો જેણે મારા માટે શતપ્રતિશત સત્ય કહ્યું હતું. મારા પર ફિલ્મ બની તે પહેલાં પણ આઈન્સ્ટાઈન વગેરે તો મૂર્ખ હતા કે મારા વખાણ કરતા હતા. તમે આત્મ મુગ્ધ અને સ્વકેન્દ્રિત છો એટલે તમને એ નહીં સમજાય.' બાપુ લાંબુલચક બોલ્યા.
' બાપુપબાપુ..' સાહેબ લાળા ચાવવા માંડ્યા .
' માત્ર હું જ નહીં પરંતુ, સરદાર પણ તમને અભિનંદન મને કહ્યું છે. તમે સરદારનું કોંગ્રેસમાંથી વૈચારિક અપહરણ કર્યું..પરંતુ, સરદારના નામનું સ્ટેડિયમ તમારા નામે કરી નાંખ્યું.તમે સરદારની રેખા નાની કરી શકો તેમ નથી અને તમારી લીટી મોટી કરી શકો તેમ નથી.'બાપુએ કટુતા વિના સત્યદર્શન કરાવ્યુ.
' બાપુપ બાપુપ તમે મને ખોટો સમજો છો.' સાહેબ શિયાવિયા થઈ ગયા.
' નરેન્દ્ર , જવાહર પણ તમને અભિનંદન આપે છે. સાવ ભૂલાઈ ગયેલ જવાહરનું મૂતર ખોદવામાં કોઈ કસર રાખી નથી. જવાહરે ભૂલ કરી હશે, ભૂલની આડમાં તેણે કરેલ રાષ્ટ્રનિર્માણની કામગીરી ભૂલાવી શકાય નહીં. જવાહરને વડાપ્રધાન બનાવી હિમાલય જેવી ભૂલ કરી તેવો ઢંઢેરો પીટવાની શી જરૂર હતી? ' બાપુ બોખા મોંએ બોલ્યા.
' બાપુપ આ બધો તો વિપક્ષનો અપપ્રચાર છે.' સાહેબ ઢીલાઢસ થઈ ગયા.
' તમારી સરકારે મારા નામે ચાલતી યોજનાનું નામ બદલ્યું તેના માટે તમને અભિનંદન આપવા છે. નામમાં શું રાખ્યું છે તેમ શેકસપિયરે કહ્યું છે. હું તમને અંતકરણથી અભિનંદન આપું છું એટલા માટે જ દૂરભાષ કરેલ છે.' બાપુની વાણીગંગામાં કોઈ ડંખ ન હતો.
'બાપુ, એ તો યોજનાનું માળખું બદલવાનું હતું એટલે નામ બદલ્યું છે.બાપુ તમારા નામથી હવે મત મળતા નથી. એટલે મારી મચડીને ભગવાન રામનું નામ રાખ્યું છે.' સાહેબે વટાણા વેર્યા .
'હવે મારા પર એક ઉપકાર કરી દો. ચલણી નોટો પરથી પણ મારો ફોટો હટાવી દો. કેમ કે, ચલણી નોટો પર મારો ફોટો તમને આંખના કણાની જેમ ખૂંચે છે. ચાલો હવે દૂરભાષ મુકું છું સાંજની પ્રાર્થનાનો સમય થઈ ગયો છે. રઘુપતિ રાઘવ રાજા રામ સબકો સન્મતિ દે ભગવાન ' ' કહી બાપુએ દૂરભાષ મુકયો. કદાચ બાપુની આંખમાંથી આંસુ ટપક્યું હશે!

ખરરર્ર ખરરરર્ર ફોન વાગતો જ રહ્યો.

ભરત વૈષ્ણવ

# રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની બસમાં મુસાફરી







માણસા તાલુકાના સોલૈયા ખાતે આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં પહોંચવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ની બસ દ્વારા ગાંધીનગરથી સોલૈયા સુધી મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન રાજ્યપાલશ્રીએ એસ.ટી. બસની સુવિધાઓ, સ્વચ્છતા, સમયપાલન તેમજ મુસાફરોને મળતી સેવાઓ અંગે માહિતી મેળવી અને મુસાફરો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, એસ.ટી. સેવા રાજ્યના લાખો નાગરિકો માટે જાહેર પરિવહનનું સરળ માધ્યમ છે અને તે ગુજરાતની સર્વાંગી વિકાસ યાત્રાનો મહત્વપૂર્ણ ભાગ છે.રાજ્યપાલશ્રીની આ મુસાફરી તેમના સાદગીપૂર્ણ જીવનમૂલ્યો, જનસંપર્ક અને જાહેર સેવાઓ પ્રત્યેની આત્મીય ભાવનાને પ્રતિબિંબિત કરે છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOGSSNO: 352**
વિષય :- મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, શ્રધ્ધા અને હુંફ"
શીર્ષકઃ- અસ્તિત્વના સ્તંભ
શબ્દઃ૧૭૨ પ્રકારઃ-અછાંદસ

માનવ હોવું એટલે...
માત્ર પંચભૂતના પુતળા હોવું નહીં,
પણ સંવેદનાઓના આકાશમાં
પાંચ નક્ષત્રોનું એકસાથે ઉગવું.

?સત્ય,
જે સૂર્યના પ્રખર તેજ જેવું નિર્વસ્ત્ર છે,
છતાં એના જ ઉજાસમાં
જીવનનો માર્ગ પ્રજ્વલિત થાય છે;
એ વજ્ર જેવું કઠોર છે,
પણ ચારિત્ર્યના ઘડતરનું એકમાત્ર ટાંકણું છે.
?પ્રેમ,
એ તો હૃદયના આંગણે ખીલેલી
કોઈ આદિ-અનાદિ કસ્તુરી છે,
જેની સુગંધમાં અહંકાર ઓગળી જાય છે,
ને માણસ ખુદને ભૂલીને
સમષ્ટિમાં ઓગળવાની કળા શીખે છે.

?લાગણી,
જે આત્માની ભીનાશ છે,
બે વ્યક્તિઓ વચ્ચે સેતુ બનતો
એક અદ્રશ્ય રેશમી તંતુ,
જે ક્યારેક મૌનમાં રડે છે
તો ક્યારેક સ્મિતમાં બ્રહ્માંડ સર્જે છે.

?શ્રદ્ધા,
તર્કની પેલે પાર જતો એક ઉડ્ડયન,
જ્યાં પુરાવાની જરૂર નથી હોતી;
એ તો એવો અડગ વિશ્વાસ છે
કે અંધારી રાતના ગર્ભમાં પણ
સૂરજ સુરક્ષિત રીતે જીવે છે.
?અને અંતે..
એ હૂંફ,
જે થીજી ગયેલા સંબંધોમાં પ્રાણ ફૂંકે છે,
ભરબપોરે વડલાની શીતળ છાયા બનીને
થાકેલા મનને પંપાળે છે;
એ શબ્દોમાં નથી હોતી,

એ તો હોય છે સ્પર્શના મૌનમાં
ને કોઈના 'હોવા' ના અહેસાસમાં.
?આ પાંચેયના સંગમતીર્થે જ્યારે મનુષ્ય સ્નાન કરે છે,
ત્યારે જ એ 'જીવન' જીવ્યો કહેવાય છે.

શોભના ભટ્ટ
★★★★★★★
**NOG SS NO. 215**
વિષય : ''મનુષ્યનું જીવન એટલે સત્ય,
પ્રેમ, લાગણી,વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ"
શીર્ષક : "મોજે જિંદગી"
પ્રકાર :-પદ્ય શબ્દોઃ- ૭૬..

" મોજે જિંદગી "

સમસ્યા જીવનમાં અનેક આવશે, ટેવાય જવાનું,
ગમ ભૂલી કોઈની મીઠી યાદોમાં ખોવાય જવાનું.

જીવન માણવા માટે મળ્યું માત્ર જીવવા માટે નહીં,
પ્રકૃતિને આંખોમાં આંજીને સઘળે ફેલાય જવાનું.

મળો ત્યારે કોઈને સાવ કોરું લાગે એવું શું મળવું?
ભીની ભીની લાગણીઓ રાખી વિંટળાય જવાનું.

સીમા પ્રેમની કોઈ હોતી નથી, નથી સરહદ હોતી,
પ્રેમના પ્રવાસી બની જગતભરમાં રેલાય જવાનું.

જિંદગીના હરેક મોડ પર 'શ્યામ' હકારાત્મક રહી,
હર કોઈના શ્વાસોમાં ફોરમ બની, છવાય જવાનું.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)
★★★★★★★
**NOG SS NO :334**
વિષય :-"મનુષ્યનું જીવન એટલે સત્ય,
પ્રેમ, લાગણી, શ્રધ્ધા અને હુંફ"
શીર્ષક :- જીવનની સુંદરતા
પ્રકાર. : પદ્ય શબ્દો : ૬૯

સત્યની રાહે ચાલતાં જીવન સુંદર બને છે,
નિર્વ્યાજ પ્રેમ કરતાં જીવન મધુર બને છે.

હોય શ્રદ્ધા ભરપૂર મંઝિલ આંબી જવાય છે,
જીવન ખૂબ લાંબુ મજાથી જીવી જવાય છે.

માણસ ઝંખે છે સદા સારું જીવન જીવવાને,
લાગણી,હૂંફ એને લક્ષ્ય સુધી લઈ જાય છે.

પરપોટાભરી જિંદગીનો ના કોઈ હવે ભરોસો?
એકમેકના સહારે જીવનનૈયા તરી જવાય છે.

કઠોર છે જિંદગી,હરપળ છે સંઘર્ષ ' સ્નેહદીપ',
સત્કર્મોનું ભાથું બાંધી સહેજે જીવી જવાય છે.

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર
★★★★★★
**NOG SS NO 184**
વિષય :-મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ
શીર્ષક :- સ્નેહમિલનની શ્રદ્ધા
પ્રકાર : પધ શબ્દ :-૧૪૩

એનઓજી સ્નેહમિલન એટલે પરસ્પર લાગણી વહેંચવાનો અવસર,
ચતુર્થ સ્નેહમિલનમાં પધારીને ચાલો મહેંકાવીએ લાગણીની સફર.

ગ્રુપના મિત્રોને મળીને આવો માંહોમાંહે માણીએ એક નવી અમીટ આશ,
મળીએ, હળીએ, જાળવીએ, રળીએ ને કળીએ અન્યોન્યનો અતૂટ વિશ્વાસ.

વર્તમાન સમયની સાહિત્યિક વિસંવાદિતાઓને ભૂલીએ ને સૌને ભૂલાવીએ,
ઉત્સાહભેર ભાગ લઈએ બોલીએ, વાંચીએ, ગાઈએ સાહિત્યનું મોંઘેરું સત્ય.

લખીશું, લખાવીશું, વાંચીશું ને વંચાવીશું એ તો પાયો છે દીર્ઘકાલીન સંબંધોનો;
સ્નેહમિલનમાં આવીને આપણા સંબંધોને પૂરી પાડીએ નવીન ઊર્જાની હૂંફ.

સાતત્ય સંબંધ ને સાહિત્યનું મજબૂત બનાવવા સ્નેહમિલન છે મોટું નજરાણું,
શાશ્વત પ્રેમનો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે ૧૮ જાન્યુઆરીએ આપની હાજરીથી.

રોજરોજ તક આવતી નથી, આવે ત્યારે અવશ્ય શુભ લાભ થકી વધાવવી જોઈએ;
આંગણે પ્રસંગ, લાગણી ને પ્રેમની હૂંફ, સૌની શ્રદ્ધા થકી સ્નેહમિલન સજાવીએ.
હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
નારદીપુર-અમદાવાદ

★★★★★★★
**NOG SSN 0089**
વિષય : મનુષ્ય જીવન એટલે સત્ય, પ્રેમ,
લાગણી,વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ
શીર્ષક મોતીની માળા
પ્રકાર :ગદ્ય શબ્દો ૩૩૦

જીવનની માળામાં દરેક મણકો ખૂબ કીંમતી છે.સત્ય મેવ જયતે.
પ્રેમ નો મણકો તો દરેક મણકા પછી પરોવવો આવશ્યક છે. લાગણી
માળામાં જાન પૂરે છે. વિશ્વાસનો મણકો માળાને તેને મજબૂત બનાવે છે
શ્રદ્ધાનો મણકો સુગંધ ફેલાવે છે. હૂંફ વગર માળામાં રોનક નથી.

કેટલા પુણ્ય કર્યા હોય ત્યારે આ માનવ દેહ પ્રાપ્ત થાય છે. મનુષ્ય દેહ હીરા,
મોતી અને સુવર્ણથી નથી દીપી ઉઠતો. એ તો બાહ્ય અલંકાર છે. આ જગત
તેની પાછળ આંધળી દોટ મૂકી રહ્યું છે.

જીવન સાર્થક કરવું હોય. તો અંતર પર લખી રાખો, સત્યનો હંમેશા જય હોય
છે. સત્ય સાત પાતાળ ભેદીને પ્રગટ થાય છે.પ્રેમ તો જીવનનો ઉદ્દેશ છે. પ્રેમ
આપો બમણો પાછો મળશે. તે આપવામાં કંજૂસાઈ કરવી નહી. ખાનગી વાત
છે, કાનમાં કહીશ, 'એ મફત છે'!

લાગણી જાણીતા પર કે અણજાણ પણ ભેદભાવ વગર રાખવી. મારું બાળક વહાલું અને પરાયાને ધક્કો મારવો એ ક્યાંનો ન્યાય ! બાળક ઈશ્વરની કૃપાનો
પ્રસાદ છે. સહુ પર સમાન દર્શાવવી એ આપણો ધર્મ છે.

વિશ્વાસે વહાણ ચાલે. જેમ શરીર માટે શ્વાસ જરૂરી છે તેમ જીવન માટે વિશ્વાસ.
વ્યક્તિ પારખીને કરવો. આંધળો વિશ્વાસ વિનાશ નોતરે છે. વિશ્વાસ જ્યારે તૂટે
છે , ત્યારે અવાજ નથી આવતો પણ જીવનભરનું દર્દ મળે છે.

શ્રદ્ધા એ એવું અંગ છે જેના વગર કોઈ પણ કાર્ય સફળ થતું નથી. શ્રદ્ધા ડગુમગુ
હોય તો કશામાં ભલીવાર ન પડે. 'હિમતે મર્દા તો મદદે ખુદા' જેવું છે, ખબર છે ને
" યા હોમ કરીને કૂદી પડો ફતેહ છે આગે' આ શ્રદ્ધાનો પ્રતાપ છે.

હૂંફ, જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે પ્રથમ વાર પામ્યા હતા. આજે યાદ નથી.
વિચાર કરીએ તો અહેસાસ જરૂર થાય. માતાની ગોદમાં ફૂંફ ગમે તે ઉંમરે પામી
શકાય, પતિ અને પત્ની એકબીજા હૂંફ અનુભવે અને જીવન રસીલું બનાવે. બાળકો
પ્રેમે ઉછરે.

મનુષ્ય જીવનમાં ગુણ હોવા એ સંસ્કાર દર્શાવે છે. જે ભવિષ્યની ઈમારત ઊભી કરવામાં
પાયાનું કામ કરે છે. જન્મ્યા, ખાધું, પીધું, ઉંઘ્યા, સંસાર ભોગવ્યો એ તો પ્રાણી પણ કરે છે.
આપનામાં અને ચાર પગા પ્રાણીમાં આ તફાવત છે. આપણે બુદ્ધિ વાપરી શકીએ છીએ.
જીવન ઉન્નત બનાવી શકીએ છીએ

પ્રભુનું અર્પિત આ જીવન કેમ વેડફી દેવાય
એ છે પ્રસાદી ઈશની રે કેમ વેડફી દેવાય
પ્રવિણા અવિનાશ
★★★★★★★
**NOGSS no. 181**
પ્રકાર : ગદ્ય સંખ્યાઃ ૧૭૬
વિષય : મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ"
શીર્ષકઃ "જીવન સારાંશ"

મનુષ્યના જીવનની સાર્થકતા એટલે "સત્ય"ના થાંભલા પર"પ્રેમ"ની ઈમારત માં, "લાગણી"ઓની દિવાલોની અંદર, જૈવિક ઉતાર ચઢાવમાં "વિશ્વાસ" પૂર્ણ પાર કરી, "શ્રદ્ધા" સાથે આત્મીયતાની "હૂંફ" આપે , અને ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરે, એ જ મનુષ્ય જીવનના સંઘર્ષની સાચી સાબિતી છે...

સત્ય એ એવું તત્વ છે જે પોતાના માટે નથી, સત્ય હંમેશા બીજા માટે હોય છે કડવું હોય એટલે જ ચલણમાં ઓછું વપરાય છે..
પ્રેમ એટલે નિસ્વાર્થ લાગણી વ્યક્ત કરો કે ન કરો એની પાછળ કોઈ કારણ નથી, હેતુ નથી, મતલબ નથી ... પ્રેમ એટલે કે
આભાર - નિહારીકા રવિયા કારણ વગર પણ કંઈ પણ બસ થઈ જાય...

લાગણી એટલે એવી અનુભૂતિ જે હૃદય ને દ્રવિત રાખે , ધબકતું રાખે, પ્રેમ સિવાય કરુણા,દયા,મમતા જેવી અનુભૂતિ નો અહેસાસ કરાવે..

વિશ્વાસ એટલે કે એવો આધાર જેના ભરોસે જીવન સત્ય નીઔલાગણી ઓને વ્યક્ત કરી શકાય..

શ્રદ્ધા એટલે જ્ઞાન અને વૈરાગ્ય જેના આધારે જીવનમંત્ર નિઃસ્વાર્થ ભાવે પાર પડે..

હૂંફ એટલે છત્રછાયા કે જેની ઉષ્મા કે ગરમાહટમાં જીવન સંઘર્ષ પ્રભાવિત થયા કરે...

જીવનભરની લાગણી વ્યક્ત કરી એના પ્રેમ માત્ર માટે શ્રદ્ધા પૂર્વક સત્ય ને વિશ્વાસ સભર મનુષ્ય પોતાના જીવનને સાર્થક કરી પ્રકાશિત કરે હૂંફાળું રાખવા સક્ષમ બને.....

સુરમી બધેકા કૌસુમી- મુંબઈ
★★★★★★
**NOG SS NO : 382.**
વિષય -''મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ''
પ્રકાર-પદ્ય શબ્દ - ૧૨૦
શીર્ષક - તું સ્વયં સતનું ગાણું

?સત્ અસત્ ના આટાપાટે, જીવન ઝોલા ખાતું
આતમ જ્યોત પરખાવે, તું સ્વયં સતનું ગાણું

ઉપર આભ નીચે ધરતી, તોફાની મૌસમ ધાડાં
એકલા અટૂલા પર્વતની ટોચે, બિહામણાં ઝાડાં
પર્વતારોહણના ડગલે, ઝબૂકતાં હામ શિખરડાં
રામ કરશે રખોપાં, પ્રગટ અંતર શ્રધ્ધા અજવાળાં.

?ખીલવું ને ખરવું , એ જિંદગીના ભાખેલા બે છેડા
લાગણીઓ ભીંની ભીંની જાણે, પ્રેમ ટહુકાનાં તેડાં

હસ્યા ગમ્યા ને વખાણ્યા વાટે, ઝુલાવે રેશમી દોરી
પ્રેમની વાતો ના થઈ જાતી કદી આટલામાં પૂરી
સમર્પણ આતશે નિખરાવો, કનક મૂલ્યે જાતડી શૂરી
મળેલા જીવની ઉર મોરલીની, અપાર ખુશી મધુરી

હૂંફ વિશ્વાસ એ જીવન સમરાંગણના, દીઠા બે મહાયોધ્ધા
દેવને પણ દુર્લભ માનવ દેહ, દેતો મોક્ષ ગતિ શરપાવા
રમેશ પટેલ''આકાશદીપ''
★★★★★★★
**NOGSS:168**
વિષયઃ મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસઃ શ્રદ્ધા અને હુંફ
શીર્ષકઃ જીવન આનંદોત્સવ
પ્રકારઃપદ્ય. સંખ્યાઃ૧૨૮

મનુષ્ય ખુદને જાણી નથી શક્યો કે હું કોણ છું ?
ખુદ શરીર અહંકારમાં સામાજિક કર્તવ્યને ભૂલ્યો છે !?

સત્ય પ્રેમ લાગણી વિશ્વાસ શ્રદ્ધાને સમજી શક્યો નથી ! ?
સ્વાર્થ ખાતર આજે બંધનોનું કત્લેઆમ કરતો થયો !!

પ્રેમને પામવાં બલિદાન આપી પ્રેમ રસ માં ડૂબવું પડે,
લાગણી મોહ માયા એક, 'ચિતમાં ચિંતાનું આગવું કવચ છે,

વિશ્વાસ, શ્રદ્ધા અને હુંફ પવિત્ર બંધનનું અહેસાસ છે.
જીવનનું નામ એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હુંફ છે.

જો આ હોય જીવનમાં તો વૃદ્ધાશ્રમની કાંઈ જરૂર નથી,
જો આ હોય જીવનમાં તો બાળકો અંતરજ્ઞાતિમાં લગ્ન ન કરે.

લખી નાખ્યું છે કવિએ "જીવનની વાસ્તવિકતા" નું સાચું રહસ્ય,
સત્યને જો સ્વીકાર કરશો, તો જીવન આનંદોત્સવ બની ખીલી ઉઠશે.

આધ્યાત્મિકતા ને સ્વીકાર કરી, આધ્યાત્મિકતા માં જીવી જાણીએ,
તો જીવન જીવવાની મજા કાંઈ ઓર આવશે જીવનમાં.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
ઈન્ટરનેશનલ આધ્યાત્મિક રાઈટર

# સોમનાથ સ્વાભિમાન પર્વ : સોમનાથ મંદિરનું પુનઃનિર્માણએ વિનાશના પ્રયાસ પર નિર્માણના વિજયની ગાથા



જૂનાગઢતા.૭

ભારતીય આધ્યાત્મિકતા અને સંસ્કૃતિના ઉચ્ચતમ શિખર એવા સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ તત્કાલીન નાયબ વડાપ્રધાન અને ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની દ્રઢ સંકલ્પ અને પ્રેરણાથી સાકાર થયું છે. સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ અનેક મુશ્કેલીઓ અને પડકાર વચ્ચે સરકારી ખર્ચે નહી પણ લોક ફાળા- જન ભાગીદારીથી થયું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ જ્યારે અમદાવાદ ખાતે તેમના આખરી જન્મદિવસની ઉજવણી પ્રસંગે અન્ય ખર્ચ ન કરવા અને સોમનાથના મંદિરના નિર્માણ માટે લોક ફાળો એકત્ર કરવાની ટહેલ પણ નાખી હતી. આ પૂર્વે પણ સરદારની સરદારની પ્રેરણાથી તત્કાલીન જામનગરના મહારાજા દિગ્વિજયસિંહ જાડેજાએ પ્રથમ ૧.૫૧ લાખનું ટ્રસ્ટને દાન આપ્યું હતું. તેમણે ૧૯૪૯ સુધીમાં આશરે ૨૫ લાખ જેટલું ભંડોળ પણ એકત્ર કરી આપ્યું હતું.

આ સંદર્ભમાં જૂનાગઢના જાણીતા ઈતિહાસકાર ડો. વિશાલ જોશી કહે છે કે, સોમનાથ મંદિરના નિર્માણ માટે નાનજી કાલિદાસ મહેતા સહિતના શ્રેષ્ઠિઓ અને લોકોએ ઉદાર હાથે દાન આપ્યું હતું. ઉપરાંત જાન્યુઆરી ૧૯૪૯માં પણ ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા સોમનાથ મંદિરના નિર્માણ માટે આર્થિક સહયોગ આપવા ઠરાવ પણ થયો હતો. આમ, દેશભરમાંથી સોમનાથ મંદિરના નિર્માણ માટે આર્થિક યોગદાન મળ્યું હતું. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે સરદાર ન હોત તો સોમનાથ મંદિરનું પુન : નિર્માણ શક્ય ન બનત, આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરના નિર્માણ માટે અનેક મુશ્કેલીઓ અને પડકારો આવ્યાં હતાં, તત્કાલીન સરકારનો પણ સોમનાથ મંદિરના પુનઃ નિર્માણ માટે સહકાર મળ્યો ન હતો, પણ મજબૂત સંકલ્પને લીધે મંદિરનું નિર્માણ થયું હતું.

ડો. વિશાલ જોશી કહે છે કે, સોમનાથ મંદિરના વૈભવ પર અનેકોવખત વિદેશી આક્રાંતાઓએ કરડી નજર કરી, પરંતુ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ચેતનારૂપ સોમનાથને બચાવવા માટે સેકડો લોકોએ બલિદાન આપ્યા છે, સોમનાથ મંદિર પર ગજનવીએ ચડાઈ કરી હતી. ત્યારે પણ જ્ઞાતિજાતિના ભેદભાવ વગર સ્થાનિક રાજવંશો અને લોકો બહાદુરીથી લડ્યા હતા. આશરે ૧.૫૦ લાખના સૈન્ય સાથે આવેલો ગઝનવી આશરે ૫,૦૦૦ ના લશ્કર સાથે ગયો હતો, અહીંથી લૂંટ કર્યા બાદ ગજનવીને શાંતિ ન મળી હતી અને આંતરકલહથી ઘેરાયો હતો. તેઓ એમ પણ કહે છે કે, આ ભૂમિ અને લોકોની તાસીર જુદી છે, હંમેશા પડકારોને બહાદુરી પૂર્વક ઝીલ્યાં છે, એટલે જ અનેક પડકારો વચ્ચે ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરરૂપ સોમનાથ તીર્થ આજે પણ આત્મગૌરવ સાથે અડગતા સાથે ઊભું છે.તેમણે જણાવ્યું કે, દેશના વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણા અને નેતૃત્વમાં 'સ્વાભિમાન પર્વ' ઉજવાશે, ત્યારે ભારતીય સંસ્કૃતિના ગૌરવગાનથી નવી પ્રેરણા પણ મળશે.

# ડાંગ જિલ્લા કે.વી.કે. વઘઈ ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ



(ડાંગ માહિતી બ્યુરો): આહવા: તા: ૦૮: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ દરમિયાન પણ ન.કૃ.યુ. ના કુલપતિશ્રી, ડૉ. ટી. આર. અહલાવતના અધ્યક્ષ સ્થાને ૨૫ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલપતિશ્રીએ કે.વિ.કે.ને ટેકનોલોજી ટ્રાન્સફરનું અગત્યનું માધ્યમ ગણાવ્યું હતું. કૃષિની દરેક ટેકનોલોજી કે.વી.કે., વઘઇ મારફત ડાંગના છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવાનું આહવાન કર્યું હતું.આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. જે. બી. ડોબરીયા દ્વારા કાર્યક્રમની સમજ અને મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તદુપરાંત, ગત વર્ષ ૨૦૨૫નો વાર્ષિક અહેવાલ તથા વર્ષ ૨૦૨૬ દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવનાર કામગીરી અંગેનો એન્યુઅલ એક્શન પ્લાન રજુ કરવામાં આવ્યો હતો.૨૫ મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતી મિટિંગમાં જમીનની તંદુરસ્તી, રોબોટિક ગ્રાફ્ટિંગ, પ્રાકૃતિક કે પેદાશોનું પેકેજીંગ અને લેબલિંગ, માર્કેટિંગ, મશરૂમ ઉત્પાદન, સ્ટ્રોબેરીની ખેતી, પ્રાકૃતિક કૃષિની સફળ વાર્તા, ડાંગી ગાય આધારિત ખેતી વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે કૃષિ યુનિવર્સિટીની ટેકનોલોજી ડાંગના ખેડૂત અપનાવે અને સામાજિક વિકાસ થાય એ માટે લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ તથા ડાંગ જિલ્લાના પ્રગતિશીલ ખેડુતો તરફથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈની કામગીરી અંગેના અભિપ્રાયો મેળવી તેના ઉપર યુનિવર્સિટી સત્તાધિકારીશ્રીઓ સાથે ચર્ચા-વિચારણા કરી તે મુજબની કામગીરી કરવા અંગે કે.વિ.કે., વઘઇ (ડાંગ)ની વૈજ્ઞાનિક ટીમ કટીબધ્ધ થઇ હતી.આ બેઠકમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ.આર.શર્મા, ડૉ. અજય પટેલ, ડૉ. પરેશ વાવડીયા, શ્રી સંજય ભગરીયા તથા લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ, દ્દઈ, અન્ય સંસ્થાના અધિકારીશ્રીઓ તેમજ ડાંગ જિલ્લાના પ્રગતિશીલ ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

# જેતલપુર, સ્વામિનારાયણ મંદિર ખાતે આજથી ત્રિદિવસિય ક્ષેત્રીય વૈદિક સંમેલનનો પ્રારંભ થયો




મહર્ષિ સાંદિપની રાષ્ટ્રીય વેદ વિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન અને જેતલપુર સ્વામિનારાયણ મંદિરના સંયુક્ત ઉપક્રમે જેતલપુર, સ્વામિનારાયણ મંદિરમાં આજથી ત્રિદિવસિય ક્ષેત્રીય વૈદિક સંમેલનનો પ્રારંભ થયો. જેના ઉદ્ઘાટન સત્રનું અધ્યક્ષ સ્થાન સ્વામિનારાયણ સંપ્રદાયના ભાવિ આચાર્ય વ્રજેન્દ્ર પ્રસાદજી મહારાજ, ઉદ્ઘાટક તરીકે રાજ્યના ગ્રામીણ વિકાસ, પંચાયત મંત્રી સંજયસિંહ મહિડા, અતિથિ વિશેષ આરએસએસના રાજ્ય કાર્યવાહક મનોજસિંહ ભાઈ તથા ક્ષેત્રીય વૈદિક સંમેલન ના આયોજક ડો.અનુપકુમાર મિશ્રા, સ્વામિનારાયણ સંપ્રદાયના વિધવાન સંતો આત્મ પ્રકાશ સ્વામી ઉજ્જૈન મંદિરના સ્વામી આનંદ જીવનદાસ, મહંત નિર્ગુણદાસજી., મંદિરના ટ્રસ્ટી હરિસ્વરૂપાનંદજી બ્રહ્મચારી સહિત અનેક સંતો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન સમારંભમાં મહેમાનોએ જણાવ્યું હતું કે વેદ અને ઉપનિષદો જેવા સનાતન શાસ્ત્રોનો પ્રચાર અને પ્રસારણ આજના યુગની અનિવાર્ય જરૂરિયાત બની રહી છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર જ વૈશ્વિક શાંતિ આપી શકશે. વૈદિક સંમેલન માં ઉદબોધન કરતા જેતલપુર સ્વામિનારાયણ મંદિરના મહંત શ્રી પુરુષોત્તમ પ્રકાશ સ્વામી ( પી પી સ્વામી )એ જણાવ્યું હતું કે બાળકોને વેદના અભ્યાસની સાથે આધુનિક વિષયોનું પણ શિક્ષણ આપવામાં આવતું હોય છે એટલે વૈદિક અભ્યાસ તે માત્ર કર્મકાંડ માટેનો અભ્યાસ નથી પરંતુ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના વહન કરવા સાથે સમાજ અને રાષ્ટ્ર ઉત્થાનની કારકિર્દી બનાવવાની ઉત્તમ તક આપે છે. આ ત્રિદિવસીય વૈદિક સંમેલનમાં સમગ્ર રાષ્ટ્રમાંથી ૧૦૦ કરતાં વધુ વિદ્વાન વેદ પંડિતો ભાગ લઈ રહ્યા છે



અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ સમગ્ર દેશમાં પ્રખ્યાત કેન્સર હોસ્પિટલમાં ૪૦ વર્ષ સુધી ડોકટર, પ્રોફેસર અને નિયામકશ્રી ( ડાયરેકટર) તરીકે સેવા આપી કેન્સરના હજારો દર્દીઓની સારવાર કરી તેમને નવ જીવન આપનાર ડો. પંકજભાઈ શાહ જેઓ છેલ્લા ૧૨ વર્ષથી સદવિચાર પરિવાર અમદાવાદના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે, તેવા સમગ્ર ભારતના પ્રતિષ્ઠિત અને સેવાભાવી ડો. પંકજભાઈ શાહના ૮૦માં જન્મ દિવસ પ્રસંગે સદવિચાર પરિવાર અમદાવાદના કેમ્પસમાં પૂજ્ય જ્યોતિબેન થાનકી, ટોરન્ટ ગ્રુપના ચેરમેન શ્રી સુધીરભાઈ મહેતા, પ્રખ્યાત લેખક અને વિચારક શ્રી કુમારપાળભાઈ શાહ, સદવિચાર પરિવારના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પી.કે.લહેરી સાહેબ (પૂર્વ મુખ્ય સચિવશ્રી), ડો. પંકજભાઈના ધર્મ પત્ની ડો. પ્રવિણાબેન શાહ, સદવિચાર પરિવારના ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ પટવારી, કેન્સર હોસ્પિટલના નિયામકશ્રી ડો. શશાંકભાઈ પંડ્યા, અગ્રણી પત્રકાર શ્રી અજયભાઈ ઉમટ, અગ્રણી સમાજ સેવક શ્રી જોઇતાભાઈ પટેલ સહિત સદ વિચાર પરિવારના સર્વ અગ્રણીઓ, દાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને સર્વએ ડો. પંકજભાઈ શાહને ખૂબ શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા.

# મુંડી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના કુલ ૩૮ વિદ્યાર્થીઓને “એક ભારત શ્રેષ્ઠ ભારત” કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક એક્સપોઝર વિઝિટનું આયોજન

મુંડી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના કુલ ૩૮ વિદ્યાર્થીઓને “એક ભારત શ્રેષ્ઠ ભારત” કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત બાળકોને ધોલેરા ખાતે આવેલા ભારતના પ્રથમ સેલ અને મોડ્યુલ ઉત્પાદન એકમની મુલાકાત કરાવવામાં આવી. ૫૫ એકરમાં વિશાળ વિસ્તારમાં ફેલાયેલ રીન્યુ પાવર પ્રોજેક્ટમાં યોજાયેલી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી સાબિત થઈ.




બાળકોને લઈ જવા થી પરત શાળાએ આવા બસ ને નાસ્તા નો આયોજન રીન્યુ પાવર દ્વારા અને સેલ્સ મેનેજએ શ્રી સંજયભાઈ રાવત અને આચાર્યશ્રી ★જીગરભાઈ પ્રજાપતિ★ના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ એક્સપોઝર વિઝિટ દરમિયાન રીન્યુ પાવર પ્રોજેક્ટના નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સોલાર સેલ અને સોલાર મોડ્યુલની ઉત્પાદન પ્રક્રિયા અંગે સરળ અને રસપ્રદ રીતે માહિતી આપી. કાચથી શરૂ કરીને અંતિમ સોલાર પેનલ તૈયાર થાય ત્યાં સુધીની સમગ્ર પ્રક્રિયા, અદ્યતન મશીનો, સ્વચાલિત ટેકનોલોજી અને ગુણવત્તા નિયંત્રણની પદ્ધતિઓ વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ નિહાળી.

નવીનીકરણીય ઊર્જાનું મહત્વ, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છ અને હરિત ઊર્જાનો ઉપયોગ, કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો તેમજ “આત્મનિર્ભર ભારત” અને “મેક ઈન ઈન્ડિયા” જેવા રાષ્ટ્રીય અભિયાનમાં આવા ઉદ્યોગોની ભૂમિકા અંગે વિદ્યાર્થીઓમાં સમજ વિકસાવવામાં આવી.

આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નો પુછી પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરી, જેને નિષ્ણાતોએ સહજ અને સરળ ભાષામાં જવાબ આપી સંતોષ વ્યક્ત કર્યો. આ શૈક્ષણિક પ્રવાસથી વિદ્યાર્થીઓને પુસ્તકી જ્ઞાનને વાસ્તવિક અનુભવ સાથે જોડવાની અમૂલ્ય તક મળી અને ભવિષ્યમાં વિજ્ઞાન, ટેકનોલોજી તથા નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર પ્રત્યે રસ વધ્યો.

શાળા પરિવાર દ્વારા આવી શૈક્ષણિક, અનુભવ આધારિત અને ગુણવત્તાયુક્ત પ્રવૃત્તિઓ આગળ પણ સતત યોજવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો.

# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા હેઠળ ગુજરાત સહિત દેશભરમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘નો આજથી પ્રારંભ







## ગાંધીનગર સ્થિત પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાદેવની પૂર્જા અર્ચના કરી સૌના મંગલ માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

સમગ્ર રાજ્યમાં શિવ મંદિરોમાં યોજાનાર ઓમકાર જાપ અને કીર્તનના કાર્યક્રમોમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક સંગઠન અનેચૂંટાયેલી પાંખ સહિત ભાજપાના કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાશેગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા હેઠળ ગુજરાત સહિત દેશભરમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘નો આજથી શુભારંભ થયો છે. એક હજાર વર્ષ પૂર્વે સોમનાથ મંદિરે મહમૂદ ગઝનવી દ્વારા કરાયેલું ઈતિહાસનું પહેલું આક્રમણ સહન કર્યું હતું. ત્યારબાદ થયેલા અનેક હુમલાઓ પણ દેશવાસીઓની શાશ્વત આસ્થા અને શ્રદ્ધાને ડગાવી શક્યા નહી અને તેના પરિણામે ભારતની સાંસ્કૃતિક એકતાની ભાવનાની પ્રતીતિ કરાવતું ગગનચુંબી સોમનાથ મંદિર આજે આપણી સમક્ષ ઊભું છે.

‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર સ્થિત પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે મહાદેવની પૂર્જા અર્ચના કરી સૌના મંગલ માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ધોળેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણમાં ૭૨ કલાક સુધી ચાલનારા ઓમકારનાદ મંત્ર ધ્વનિ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર શહેર ભાજપ અધ્યક્ષ ડો. આશિષકુમાર દવે, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્યશ્રીઓ સહિત સંગઠનના પદાધિકારીઓ અને આગેવાનો, કાર્યકર્તાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ શ્રી

## અમદાવાદના અસારવા સ્થિત નીલકંઠ મહાદેવ મંદિર ખાતે દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શિશ ઝુકાવી ભક્તિભાવપૂર્વક પૂજા કરી સર્વજનના કલ્યાણની કામના કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

જગદીશભાઈ વિશ્વકર્માએ શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, અસારવા, અમદાવાદ ખાતે દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શિશ ઝુકાવી ભક્તિભાવપૂર્વક પૂજા કરી સર્વજનના કલ્યાણની કામના કરી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મોટી સંખ્યામાં નગરજનો અને શિવભક્તોની ઉપસ્થિતિમાં અવિરત ૭૨ કલાક ચાલનારા શિવ ધુન અને કીર્તનના કાર્યક્રમમાં સહભાગી થયા હતાં. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી પ્રશાંતભાઈ કોરાટ, રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા, પ્રદેશ મુખ્ય પ્રવક્તાશ્રી ડૉ. અનિલભાઈ પટેલ, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સાંસદશ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat